સત્યમેવ જયતે

**વડોદરાના મહે. ૯માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુકામ. વડોદરા.**

**ફોજદારી કેસ નં.: ૧૯૧૪૫/૨૦૨૦**

**લક્ષ્મીપુરા પો.સ્ટે.સે.ગુના રજી.નં. ૩૨૬/૨૦૨૦(૦૪૩૭)**

**આંક :__________**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :–** **૧.જગદીશભાઈ શિવલાલ સુથાર**
**૨.દિપ વજુભાઈ લાલકિયા**

---

**ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯,૨૭૦ મુજબ**

---

**: ચુકાદો :**

**૧)** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, દેશમાં નોવેલ કોરોના વાયરસ (કોવીડ–૧૯) રોગચાળાની મહામારી ફેલાયેલી હોય કેન્દ્ર સરકાર ધ્વારા વખતો વખત માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ અને તેના અનુસંધાને વડોદરા શહેરના મહે.પોલીસ કમિશનરશ્રી ધ્વારા જાહેરનામા બહાર પાડી લોકોને બિનજરૂરી જાહેરમાં નીકળવાની મનાઈ ફરમાવવામાં આવેલ હોવા છતાં આરોપી જાહેરનામાનો ભંગ કરી પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તેવું કૃત્ય કરી જાહેરમાં મળી આવી **ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૬૯,૨૭૦,૧૮૮** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩(૨) અન્વયે દાખલ કરેલ છે.

**૨)** સદર કામે રેકર્ડ જોતાં આ અદાલત ધ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮** મુજબના શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન લેવા સામે બાધ આવતો હોય સંજ્ઞાન લેવામાં આવેલ નથી અને આરોપીઓ વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ તથા ૨૭૦** મુજબના શિક્ષાપાત્ર ગુનાના પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ છે.

**૩)** આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હોઈ તથા આજરોજ ખાસ સીટીંગનુ આયોજન હોઈ હાલના ગુનાની સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતાં સદર કામ ખાસ સીટીંગમાં મુકવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીઓ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ તેઓના વિરુધ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીઓએ જણાવેલ છે કે, સદર ગુનો કોવીડ–૧૯ ની મહામારી સમયે બનેલ છે અને તેઓનો કોઈ ઈરાદો મહામારી ફેલાવવાનો હતો નહી. વધુમાં જણાવેલ છે કે, તેઓને કોઈ ચેપી રોગ બનાવ સમયે થયેલ ન હતો અને બનાવ સમયે જીવન જરૂરીયાતની ચીજવસ્તુ અને ધંધાની જરૂરીયાતે તેઓ બહાર નીકળેલ હતા. તેઓનો ઈરાદો સરકારની માર્ગદર્શિકાનો અવગણના કરવાનો કે જાહેરનામાનો ભંગ કરવાનો કે ચેપીરોગ ફેલાવવાનો હતો નહી. તેઓને ગુના સંબંધે પસ્તાવો છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

૪) સદર કામે આરોપીઓની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપીઓ વિરુઘ્ધ આક્ષેપીત ગુનાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા ઈ.પી.કો. કલમ ૨૬૯ તથા ૨૭૦ માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ઘ્યાને લેતાં આરોપીઓનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહી અને એકમાત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુ તથા ધંધાની જરૂરીયાતે તેઓ બહાર નીકળેલ હતા અને તેઓએ કરેલ ગુનાનો પસ્તાવો જણાઈ આવે છે. વધુમાં આરોપીઓ જણાવે છે કે, તેઓનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી ત્યારે આરોપીઓને સુધરવાની તક સાથે ઈ.પી.કો. કલમ–૨૬૯ તથા ૨૭૦ માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ઘ્યાને લેતાં, ઈ.પી.કો. કલમ–૨૬૯ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

Section 269 :- Whoever unlawfully or negligently does any act which is, and which he knows or has reason to beleive to be, likely to spread the infection of any disease dangerous to life, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

તેવી જ રીતે કલમ ૨૭૦ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 270 :**- Whoever malignantly does any act which is, and which he knows or has reason to beleive to be, likely to spread the infection of any disease dangerous to life, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

આમ, ઉપરોકત જોગવાઈઓ કેસની હકીકતો તથા આરોપીઓ તરફેની રજુઆત ઘ્યાને લેતાં આરોપીઓ વિરુઘ્ધ પ્રથમ ગુનો નોંધાયેલ છે, તેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા ન હોવાની રજુઆત કરેલ છે. તેમજ સદરહું મહામારી દરમ્યાન બનાવ સમયે તેઓને ચેપી રોગ થયેલ નહી કે તેઓનો ઈરાદો ચેપી રોગ ફેલાવવાનો હતો નહી માત્ર જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ લેવા માટે બહાર નીકળેલ તે તમામ હકીકતો ઘ્યાને લઈ આરોપીઓને સદર ગુનાના કામે કેદની સજા નહી કરતાં દંડની સજા ફરમાવવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

**અ.** આ કામના આરોપી નં.૧,૨ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૬૯ તથા ૨૭૦ ના ગુનામાં આરોપીઓની કબુલાત આધારે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને ઈ.પી.કો. કલમ–૨૬૯ ના ગુના સંબંધે રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ તથા ઈ.પી.કો. કલમ–૨૭૦ ના ગુના સંબંધે રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ એમ **કુલ રૂા.૪૦૦/– (અંકે રૂપીયા ચારસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦મી માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ:૧૦ /૭/૨૦૨૧**
**સ્થળ : વડોદરા**

**મોહંમદસલીમ હબીબખાન પઠાણ**
**(જીજે.૦૦૮૧૧)**
**૯ માં એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ**
**વડોદરા.**